# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 22-08-2024 Morning : 7.45 to 7.55
Day : Thursday National News

**આકાશવાણી સમાચાર રિધ્ધિ ઉંધાડ વાંચે છે.**

*****************************************************

- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પૉલેન્ડના પ્રધાનમંત્રી ડોનાલ્ડ ટસ્ક સાથે પ્રતિનિધિ મંડળ સ્તરની બેઠક કરશે
- ✓ કેન્દ્ર સરકારે સર્વોચ્ચ અદાલતના આદેશ બાદ સોશિયલ મીડિયા કંપનીઓને કોલકાતા મૃતકના સંદર્ભ, તસવીરો અને વીડિયો હટાવવા નિર્દેશ કર્યો
- ✓ કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યુ છે કે વિશ્વની ટોચની AI ચીપ બનાવતી કંપની એનવીડિયા ભારતના AI મિશનમાં મદદ કરશે
- ✓ પૂર્વીય ભારતના કેટલાક ભાગોમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી
- ✓ અને ખેલો ઇન્ડિયા અસ્મિતા યોગાસન લીગનો આજથી બિહારના પટણામા પ્રારંભ .

****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

# PMMODI POLAND

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પૉલેન્ડના સત્તાવાર પ્રવાસે છે. તેઓ આજે વૉરસામાં પૉલેન્ડના પ્રધાનમંત્રી ડોનાલ્ડ ટસ્ક સાથે પ્રતિનિધિમંડળ સ્તરની બેઠક કરશે. બંને દેશના નેતાઓએ દ્વીપક્ષીય સંબંધોની સમીક્ષા કરશે અને મહત્વના મુદ્દાઓ પર ચર્ચા કરશે. શ્રી મોદી પૉલેન્ડના રાષ્ટ્રપતિ આંદ્રેજ ડૂડા સાથે પણ મુલાકાત કરવાના છે. ગઈકાલે પ્રધાનમંત્રીનું વૉરસા ખાતે ઔપચારિક સ્વાગત કરાયું. છેલ્લા 45 વર્ષોમાં કોઈ ભારતીય પ્રધાનમંત્રીનો આ પ્રથમ પૉલેન્ડ઼ પ્રવાસ છે. ગઈરાતે વૉરસામાં ભારતીય સમુદાયના લોકોને સંબોધતા શ્રી મોદીએ કહ્યું કે આજે ભારત તમામ સાથે જોડાણ અને સૌનો વિકાસ તેમજ કલ્યાણ ઇચ્છે છે.

શ્રી મોદીએ જણાવ્યું કે, દાયકાઓથી ભારતની નીતિ તટસ્થ રહી છે. વધુંમાં તેમણે ઉમેર્યું કે ભારતનું સ્પષ્ટપણે માનવું છે કે આ યુગ યુદ્ધનો નથી, ભારત સંઘર્ષોના ઉકેલ માટે વાટાઘાટો અને રાજદ્વારીનીતિમાં વિશ્વાસ ધરાવે છે. શ્રી મોદીએ કહ્યું કે ભારત, શાંતિનું સમર્થન કરે છે અને હવે દુનિયા ભારતને વિશ્વબંધુ તરીકે સમ્માન આપે છે.

બીજા તબક્કામાં તેઓ યુક્રેન પહોંચશે. યુક્રેનના રાજધાની કીવમાં તેઓ રાષ્ટ્રપતિ ઝેલેન્સ્કી સાથે મુલાકાત કરશે. ભારતીય પ્રધાનમંત્રીનો પ્રથમ યુક્રેન પ્રવાસ છે. દરમિયાન બંને દેશોના નેતાઓ વચ્ચે રાજકીય, વેપારી, આર્થિક, રોકાણ, શિક્ષણ, સાંસ્કૃતિક તેમજ પારસ્પરિક સંબંધો સહિતના વિવિધ મુદ્દાઓ અંગે ચર્ચા કરાશે.

# RJ KAR UPDATE

ઇલેક્ટ્રોનિક અને માહિતી તેમજ પ્રસારણ મંત્રાલયે દેશના તમામ સોશિયલ મીડિયા પલ્ટેફોર્મને નિર્દેશ આપ્યા છે કે તેઓ આર. જી કર મેડિકલ કૉલેજ ઘટનામાં મૃતકની ઓળખને લઈને સંબંધિત સર્વોચ્ચ અદાલતના ચૂકાદાનું પાલન કરે. આ પૂર્વે સર્વોચ્ચ અદાલતે તમામ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ અને ઇલેક્ટ્રોનિક માધ્યમોને પીડિતના નામ સાથે તમામ સંદર્ભ અને તસવીરો સાથેની વીડિયો ક્લિપ તાત્કાલિક ધોરણે દૂર કરવા નિર્દેશ કર્યો હતો.

વધુમાં આ આદેશમાં કહેવાયું છે કે મંત્રાલય તમામ સોશિયલ મીડિયા કંપનીઓને કહે કે તેઓ આવી સંવેદનશીલ માહિતી પ્રસારિતન થાય તેની તકેદારી રાખે. આ આદેશનું પાલન નહીં કરવા પર કાયદાકીય પગલાં લેવાઈ શકે છે.

આ તરફ કૉલકાતાની આર.જી કર મેડિકલ કૉલેજ – હૉસ્પિટલના તબીબ અધીક્ષક સહ ઉપ-પ્રાચાર્ય બુલબુલ મુખોપાધ્યાય તેમજ પ્રિન્સિપલ સુહ્યતા પૉલને પદ પરથી દૂર કરાયા છે. ચેસ્ટ ડિપાર્ટમેન્ટના પ્રમુખ અરૂણવો દત્તા ચૌધરીને તેમજ હૉસ્પિટલના મદદનીશ અધિક્ષકને પણ પદ પરથી દૂર કરાયા છે.

# VAISHNAV AI

કેન્દ્રીય ઇલેક્ટ્રોનિક અને માહિતી પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું છે કે એન વીડિયા કંપનીએ ભારતમાં કૃત્રિમ બુદ્ધિમત્તા – AI મિશનને સમર્થનનો દાવો કર્યો છે. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી વૈષ્ણવે જણાવ્યું છે કે બંને પક્ષો કૃત્રિમ બુદ્ધિમત્તાનો લાભ લેવા અને ભારતના વિશેષ પડકારોના સમાધાન માટે AIના ઉપયોગો અંગે ચર્ચા કરી હતી.

આ બેઠક દરમિયાન ભારતની પોતાની AI ચીપ વિકસીત કરવા માટે પણ ચર્ચા થઈ. આ વર્ષે માર્ચ મહિનામાં કેન્દ્રીય મંત્રીમંડળે લગભગ 10 હજાર, 372 કરોડ રૂપિયાના બજેટની ફાળવણી સાથે રાષ્ટ્રીય સ્તરના ઇન્ડિયા AI મિશનને માન્યતા આપી હતી. ભારતના એઆઈ મિશન અંતર્ગત જાહેર અને થાનગી ક્ષેત્રમાં યોજના અને ભાગીદારીના મધ્યમથી નવાચાર માટે વ્યાપક માળખાકીય સેવાઓને વિકાસ કરશે.

# IMD WEATHER

હવામાન વિભાગે પૂર્વીય ભારતના કેટલાક ભાગોમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે. જે અનુસાર આસામ, મેઘાલય અને ત્રિપુરામાં આગામી બે દિવસમાં અતિ ભારે વરસાદ વરસી શકે છે. આ ઉપરાંત કેરળ તેમજ લક્ષદીપમાં ભારેથી અતિભારે વરસાદની શક્યતા છે.

દેશના અન્ય ભાગોની વાત કરીએ તો ઉત્તરાખંડ, જમ્મૂ કાશ્મીર, લદ્દાખ, હિમાચલપ્રદેશ, ઉત્તરપ્રદેશ, પૂર્વીય રાજસ્થાન, પંજાબ, હરિયાણા અને દિલ્હીના કેટલાક ભાગોમાં હળવો વરસાદ વરસી શકે છે. જ્યારે મધ્યપ્રદેશ, કોંકણ, ગોવા અને ગુજરાતના કેટલાંક ભાગોમાં આગામી સાત દિવસમાં ભારે વરસાદ પડી શકે છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો...

# KHELO INDIA ASMITA

ખેલો ઇન્ડિયા અસ્મિતા યોગાસન લીગનો આજથી બિહારના પટણામાં પાટલીપુત્ર ખેલ પરિસર ખાતે પ્રારંભ થયો છે. ત્રણ દિવસ ચાલનારી આ પૂર્વીય લીગ 25 ઑગસ્ટના રોજ પૂર્ણ થશે. બિહાર યોગાસન ખેલ સંઘ પહેલીવાર તેની મેજબાની કરી રહ્યું છે.

આ લીગમાં પૂર્વીય ક્ષેત્રના રાજ્યોમાંથી પાંચસો મહિલા ખેલાડીઓ ભાગ લઈ રહી છે. આ લીગનું સીધું પ્રસારણ ખેલો ઇન્ડિયા મહિલા લીગની સત્તાવાર યુટ્યૂબ ચેનલ પર પ્રસારિત કરાશે.

# SHRIJESH HOCKEY

કેરળ સરકારે પેરિસ ઓલિમ્પિકમાં કાંસ્ય ચંદ્રક વિજેતા અને પૂર્વ હૉકી ગોલ કિપર પી.આર. શ્રીજેશને બે કરોડ રૂપિયાનું રોકડ ઇનામ આપવાની જાહેરાત કરી છે. ગઈકાલે મુખ્યમંત્રી પિનરાઈ વિજયનની અધ્યક્ષતામાં મળેલી મંત્રીમંડળની બેઠકમાં આ નિર્ણય લેવાયો હતો.

# VP – GUJARAT

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ આવતીકાલે અમદાવાદ અને ગાંધીનગરની મુલાકાતે આવશે. તેઓ ગાંધીનગરમાં નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી ખાતે વિદ્યાર્થીઓ અને ફેકલ્ટી મેમ્બર્સને સંબોધશે. ઉપરાષ્ટ્રપતિ અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટી ખાતે ધર્મ ધમ્મ આંતરરાષ્ટ્રીય પરિષદ ખાતે મુખ્ય અતિથી તરીકે ઉપસ્થિત રહેશે..

# GIRIRAJ HANDICRAFT

કેન્દ્રીય કાપડ મંત્રી ગિરિરાજસિંહે દેશની અર્થવ્યવસ્થાના વિકાસ માટે હસ્તકળા ક્ષેત્રની પ્રમુખ ભૂમિકા પર ભાર મૂક્યો છે. ગઈકાલે નવી દિલ્હીમાં 24માં હસ્તશિલ્પ નિકાસ પુરસ્કાર કાર્યક્રમને સંબોધિત કરતા તેમણે કહ્યું કે વર્તમાન હસ્તશિલ્પ ક્ષેત્ર અંદાજે નવથી દસ ટકાના દરે વિકસી રહ્યો છે.

આ પ્રસંગે કાપડમંત્રીએ મહિલાઓને હસ્તશિલ્પ ક્ષેત્રે જોડાવા માટે પ્રોત્સાહિત કરી. હસ્તશિલ્પ નિકાસ સંવર્ધન પરિષદે દેશના ટોચના હસ્તશિલ્પ નિકાસકારોના સમ્માનમાં આયોજીત આ કાર્યક્રમનું આયોજન કર્યું હતું. જેમાં અજય ગુપ્તાની કંપની સી. એલ. ગુપ્તા એક્સપોર્ટ લિમિટેડને 2019-20 અને 2020-21 – બંને વર્ષો માટે હસ્તશિલ્પ ક્ષેત્રના ટોચના પુરસ્કાર એનાયાત કરાયા. જમ્મૂ કાશ્મીરના મુઝફ્ફર હુસૈનને લાઇફટાઇમ અચીવમેન્ટ અવોર્ડથી સમ્માનિત કરાયા.

# ANDHRA BLAST

આંધ્ર પ્રદેશના અનકાપલ્લી જિલ્લામાં આવેલા અચ્યૂતમ સેઝ વિસ્તારમાં એક ખાનગી ફાર્મા કંપનીમાં વિસ્ફોટ થતા, ૩૦થી વધુને ગંભીર રીતે ઈજા થવા પામી હતી. ઘાયલોને નજીકની હૉસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા. મુખ્યમંત્રી ચંદ્રાબાબુ નાયડુએ ઘટના અગે શોક વ્યક્તકરતા ઘાયલોને ઝડપી સારવાર મળી રહે એ માટે નિર્દેશ આપ્યા હતા.

# JITENDRA - NATIONAL SPACE DAY

આવતીકાલે દેશભરમાં પ્રથમ રાષ્ટ્રીય અવકાશ દિવસ ઉજવવામાં આવશે. આ વર્ષનો વિષય છે. જીવનને સ્પર્શવુ, ચંદ્રને સ્પર્શવું -'ચંદ્રમાને સ્પર્શીને જીવનને સ્પર્શવુઃ ભારતની અવકાશ ગાથા' છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ નવી દિલ્હીના ભારત મંડપમમાં આયોજિત મુખ્ય સમારોહનું ઉદઘાટન કરશે.

નવી દિલ્હીમાં આ અંગેની પત્રકાર પરિષદને સંબોધતા અવકાશ વિભાગના રાજ્યમંત્રી ડોક્ટર જીતેન્દ્ર સિંહે જણાવ્યું કે, ગયા વર્ષે 23મી ઓગસ્ટે ચંદ્રની સપાટી પર વિક્રમ લેન્ડરનાં સોફ્ટ લેન્ડિંગ સાથે ચંદ્રયાન થ્રી મિશન સફળ રીતે પૂર્ણ થયું હતું. તેમણે જણાવ્યું કે, આ સાથે ભારત ચંદ્ર પર ઉતરાણ કરનાર ચોથો અને ચંદ્રનાં દક્ષિણ ધ્રુવ નજીક ઉતરાણ કરનાર ચોથો દેશ બન્યો હતો..

# RAJNATH SINH US VISIT

સંરક્ષણમંત્રી રાજનાથસિંહ આવતીકાલે અમેરિકાનાં ચાર દિવસના પ્રવાસે જશે. આ દરમિયાન તેઓ અમેરિકાના સંરક્ષણમંત્રી સાથે દ્વિપક્ષીય મંત્રણા કરશે. સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું છે કે, આ મુલાકાત ભારત-અમેરિકા વચ્ચે વધતા જતા સંરક્ષણ સંબંધોની પૃષ્ઠભૂમિમાં યોજાઈ રહી છે.

આ મુલાકાત ભારત-અમેરિકા સર્વગ્રાહી વૈશ્વિક વ્યૂહાત્મક ભાગીદારીને વધુ મજબુત બનાવે તેવી આશા છે. શ્રી રાજનાથ સિંહ અમેરિકાના સંરક્ષણ ઉદ્યોગ સાથે ઉચ્ચ સ્તરીય બેઠકનું વડપણ સંભાળશે. તેઓ અમેરિકાના ભારતીય સમુદાય સાથે પણ સંવાદ સાધશે..

# RUSSIA DRONE ATTACK

રશિયાએ છેલ્લાં 24 કલાક દરમિયાન યુક્રેનનાં 45 ડ્રોન તોડી પાડ્યા છે, જેમાં 11 ડ્રોન મોસ્કોનાં વિસ્તારમાં તોડવામાં આવ્યા છે. મોસ્કોના મેયર સર્ગેઈ સોબયાનીને જણાવ્યું કે મોસ્કો પરનો આ સૌથી મોટો ડ્રોન હૂમલો હતો. રશિયાના સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું કે, યુક્રેનનાં સશસ્ત્ર દળો દ્વારા અવદેયેવકા તરફ કરવામાં આવેલાં ત્રણેય હૂમલાને નિષ્ફળ બનાવ્યા છે..

# અખબારોની હેડલાઈન્સ પર એક નજર

- આજના તમામ અખબારોએ અલગ અલગ સમાચારને મુખ્ય હેડલાઈનમાં સ્થાન આપ્યું છે.
- સંદેશ લખે છે, 151 MP-MLA મહિલા શોષણના આરોપી
- ગુજરાત સમાચાર લખે છે, 151 વર્તમાન સાંસદો અને ધારાસભ્યો સામે રેપ સહિતના કેસ – મહિલાઓ નેતાઓથી પણ અસુરક્ષિત
- "બદલાપુરના તોફાનોમાટે 500થી વધુ સામે F.I.R. – 71ની ધરપકડ" સમાચારને ગુજરાત સમાચારે પહેલા પાના પર સ્થાન આપ્યું છે.
- દિવ્ય ભાસ્કર લખે છે, ભારત બંધઃ સાત રાજ્યમાં જ અસર, બિહારમાં ટ્રેનો રોકાઈ, રાજસ્થાનમાં સ્કૂલ-કૉલેજ બંધ
- "દલિત-આદિવાસી સંગઠનો દ્વારા અપાયેલા ભારત બંધના એલાનને નબળો પ્રતિસાદ" સમાચારને સંદેશે પહેલા પાના પર લીધા છે.
- બદલાપુર જાતીય શોષણના મામલે વિપક્ષનું મહારાષ્ટ્ર બંધનું એલાન સમાચારને નવગુજરાત સમયે મુખ્ય હેડલાઈન બનાવી છે
- નવગુજરાત સમય લખે છે, 45 વર્ષમાં પૉલેન્ડની મુલાકાત લેનારા મોદી પ્રથમ ભારતીય વડાપ્રધાન
- ફૂલછાબ લખે છે, ઓબીસી છાત્રો સામાન્ય શ્રેણીમાં પ્રવેશના હકદાર
- દિવ્ય ભાસ્કરે "કેન્દ્ર સરકાર IAS અધિકારીઓની વાર્ષિક ભરતી સંખ્યા વધારે તેવી વકી"